જા.ક્ર.:મા-૧/૨૦૨૪/૫૪૯૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૧૯/૦૫/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા. ૧૬/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક: મઉમશબ/માધ્યમિક/પૂરક/૨૦૨૪/૩૭ની જાણ તથા અમલવારી સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

<u>અગત્યનું</u>
<u>મેઇલ માધ્યમે</u>

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પૂરક/2024/37
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-16/05/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

<u>વિષય:-</u> ધોરણ-10 એસ.એસ.સી. પૂરક – 2024 પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્ર ભરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, માર્ચ-2024 ધોરણ-10 એસ.એસ.સી પરિણામ ઓનલાઇન તા:-11/05/2024ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. ધોરણ-10 માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2024માં જે વિદ્યાર્થીઓ એક અથવા બે અથવા ત્રણ વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક અથવા બે અથવા ત્રણ વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક પરીક્ષાર્થીઓ વર્ષ-2024ની જુલાઇ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા – 2024 માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sscpurakreg.gseb.org** પરથી ઓનલાઇન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. એક અથવા બે અથવા ત્રણ વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક અથવા બે અથવા ત્રણ વિષયમાં અનુત્તિર્ણ (નાપાસ) હોય તેવા વિદ્યાર્થીઓની યાદી ફકત શાળાની જાણ માટે છે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

પૂરક પરીક્ષા – 2024 માટેનું આવેદન તા:-15/05/2024 સાંજે 17:00 કલાકથી તા:-22/05/2024 સાંજે 17:00 કલાક સુધી ઓનલાઇન કરી શકશે.

પૂરક પરીક્ષા – 2024 માટેનું આવેદનપત્ર ઓનલાઇન કરવાની સૂચનાઓ અને પરીક્ષા માટેની નિયત ફી ઓનલાઇન માધ્યમે ભરવાની સૂચનાઓ સાથે તા:-15/05/2024ની અખબારી યાદીથી જાણ કરવામાં આવેલ છે. આપના તાબાની માધ્યમિક શાળાઓને આ બાબતની જાણ થાય અને જો પૂરક પરીક્ષા – 2024 માટેનું આવેદનપત્રની અરજી ઓનલાઇન કરવા ઇચ્છતા હોય તેવા ધોરણ-10



CS CamScanner

એસ.એસ.સી. માર્ચ-2024ના પરીક્ષાના પરીક્ષાર્થીઓના આવેદનપત્ર ઓનલાઇન સમયસર થઇ જાય તેવી જાણ આપના માધ્યમે થઇ જવા વિનંતી.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક
(પરીક્ષા માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

બિડાણઃ- ધોરણ-10 એસ.એસ.સી. પૂરક – 2024 પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્ર ભરવા બાબતની તા:-15/05/2024ની અખબારી યાદી

સવિનય નકલ રવાના જાણ સારું:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર



CS CamScanner

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૦ પૂરક પરીક્ષા-૨૦૨૪ માટેની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૪ માં જે વિદ્યાર્થીઓ એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં ગેરહાજર રહેલ હોય કે એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક પરીક્ષાર્થીઓ વર્ષ-૨૦૨૪ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા ૨૦૨૪ માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા sscpurakreg.gseb.org પરથી ONLINE કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

પૂરક પરીક્ષા માટેનું આવેદન તા.૧૫/૦૫/૨૦૨૪ સાંજે ૧૭:૦૦ કલાકથી તા.૨૨/૦૫/૨૦૨૪ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

ખાસ નોંધ:-

1. જે વિદ્યાર્થી માર્ચ-૨૦૨૪ પરીક્ષામાં એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં અનુત્તીર્ણ છે અને એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત (12)નો સમાવેશ થયેલો છે તેવા ઉમેદવારો ઓનલાઇન આવેદન ભરવાની પ્રક્રિયા દરમ્યાન ગણિત વિષયની પસંદગી બદલી શકે છે એટલે કે સ્ટાન્ડર્ડ ગણિતમાં અનુત્તીર્ણ થયેલ ઉમેદવાર સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિકલ્પ બદલી શકશે.
2. જે વિદ્યાર્થી માર્ચ-૨૦૨૪ ની પરીક્ષા બેઝિક ગણિત (18) સાથે ઉત્તીર્ણ થયા છે અને તેઓ ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક છે તેવા વિદ્યાર્થી જે શાળામાંથી ધો-10ની માર્ચ-૨૦૨૪ની પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ હોય તે જ શાળામાંથી સ્ટાન્ડર્ડ ગણિત (12) વિષય માટે પૃથક (ISOLATED) ઉમેદવાર તરીકે ઓનલાઇન આવેદન કરી શકશે.
3. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૪ માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
4. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ ઉપરોકત વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
5. સંસ્કૃત પ્રથમાના એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં અનુત્તીર્ણ/ગેરહાજર વિદ્યાર્થી માટેનું આવેદન ઓફલાઇન કરવાનું રહેશે. સંસ્કૃત પ્રથમાની શાળાઓએ વિદ્યાર્થીની સહી કરેલ યાદી તથા ફી ની રકમનો ડી.ડી. બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરી પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

તારીખ:- ૧૫/૦૫/૨૦૨૪

સ્થળ :- ગાંધીનગર

નાયબ નિયામક(પરીક્ષા)

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર